# દેશમાં હિટવેવથી મૃતાંક ૧૫૦૦ નજીક

નવી દિલ્હી,તા. ૨૮

દેશભરમાં કાળઝાળ ગરમીના કારણે મોતનો આંકડો વધીને ૧૫૦૦ની નજીક પહોંચી ગયો છે. માત્ર એક સપ્તાહના ગાળામાં જ હજારો લોકોના મોત થઈ ગયા છે. ભારતમાં દર વર્ષે તીવ્ર ગરમીના કારણે સમાજમાં સૌથી ગરીબ વર્ગના લોકોના મોત થાય છે. ૧૮મી મે બાદથી આંધ્રપ્રદેશમાં ૧૦૨૦ લોકોના મોત થયા છે જે ગયા વર્ષે સમગ્ર વર્ષમાં નોંધાયેલા મોત કરતા વધુ છે. પડોશી તેલંગાણામાં પારો ૪૮ સુધી પહોંચી ગયો છે અને અહીં મોતનો આંકડો ૩૪૦ ઉપર પહોંચ્યો છે. ગયા વર્ષે સમગ્ર વર્ષ કરતા આ આંકડો ખુબ વધારે છે.

મોતનો આંકડો ઝડપથી ૧૫૦૦ની નજીક પહોંચી જતા ભારે ખળભળાટ મચી ગયો છે. મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. સૌથી વધુ મોત આંધ્રપ્રદેશ અને તેલંગણામાં થયા છે. સત્તાવાર આંકડા મુજબ આંધ્રપ્રદેશમાં મોતનો આંકડો ૧૦૨૦ અને તેલંગણામાં મોતનો આંકડો ૩૪૦ સુધી પહોંચી ગયો છે. ગઈકાલ બાદથી સેંકડો લોકોના મોત થયા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગરમી સંબંધિત રોગના કારણે દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે. સૌથી વધારે મોત આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં થયા છે. ગંતુરમાં ૧૩૦ના મોત થયા છે. જ્યારે પૂર્વ ગોદાવરીમાં ૯૦, વિશાખાપટ્ટનમમાં ૧૧૨, વિજયાનગરમમાં ૭૮, પ્રકાશમમાં સૌથી વધુ ૨૦૨ લોકોના મોત થયા છે., નેલ્લોરમાં ૭૪, શ્રીકાકાલુમમાં ૨૫, ચિત્તોરમાં ૨૯, કડાપામાં ૨૨, અનતપુરમાં ૧૪ અને કરનુલમાં ૧૭ લોકોના મોત થયા છે. ઓરિસ્સામાં ૬૭ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં ૧૩ના મોત થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં બેના મોત થયા છે. એકંદરે દરેક રાજ્યમાં મોતનો આંકડો વધી રહ્યો છે. દિલ્હીમાં બે લોકોના મોતને સમર્થન મળ્યું છે. તમામ જગ્યાઓએ લોકોની હાલત કફોડી બનેલી છે.મોટા ભાગના રાજ્યોમાં પારો ૪૫ની આસપાસ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ સુધી તીવ્ર ગરમીથી લોકોને રાહત મળશે નહીં. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, વિધર્ભ અને ઓરિસ્સાના જુદા-જુદા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું રહેશે. આ પ્રકારની સ્થિતિમાં સાવધાન રહેવાની સુચના લોકોને આપીને આઈએમડી દ્વારા જણાવાયું છે કે, આંધ્ર અને તેલંગાણામાં લોકોની હાલત ખૂબ જ કફોડી રહી શકે છે. હિટવેવના કારણે આવતીકાલે પણ કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. દેશના રાષ્ટ્રીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે, ૨૮મી મે બાદથી ઘણા વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન બુલેટિનની આગાહીમાં જણાવાયું છે કે, ઘણા પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, વિધર્ભમાં ૨૮મી મે બાદથી તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે અને સામાન્ય લોકોને રાહત મળી શકે છે.હિટવેવની ચેતવણીથી લોકોની તકલીફ વધી ગઈ છે. આંધ્ર અને તેલંગાણા ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિતના રાજ્યો પણ ગરમીની ભટ્ટીમાં શેકાઈ રહ્યા છે. તમામ જગ્યાએ પારો ખુબ ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. કેટલાક રાજ્યોમાં તો તંત્ર દ્વારા લોકોને ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું છે.





આજે ગંગા દશેહરાના પવિત્ર દિવસની ભકિતભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અલ્હાબાદ ખાતે ગંગા, યમુના અને સરસ્વતીના સંગમ પર ભકતોએ દિવડાથી આરતી ઉતારી હતી. આ તહેવાર બિહાર, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ભકિતભાવ રીતે ઉજવાય છે. હિન્દી પૌરાણિક માન્યતા અનુસાર આ દિવસે ગંગાજી સ્વર્ગમાંથી ઉતરી પૃથ્વી પર પધાર્યા હતા. આ દિવસે ગંગા અને યમુનાના કિનારા ઉપર લોકો દ્વારા ખાસ પૂજાનું પણ આયોજન કરવામાં આવે છે.

## ડોન છોટા શકીલ ઓસ્ટ્રેલિયા અને અમેરિકા રહી પરત ફર્યો

મુંબઈ,તા. ૨૮

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમને લઈને છેલ્લા કેટલાક દિવસથી દેશમાં જોરદાર ચર્ચા છેડાયેલી છે ત્યારે તેનો સૌથી નજીકનો સાગરીત છોટા શકીલ પાકિસ્તાનની બહાર ફરીને હવે પાકિસ્તાન પરત ફર્યો છે. કુલ ૪૩ દિવસ સુધી પાકિસ્તાનની બહાર રહ્યો હોવા છતાં તેના અંગે કોઈ વ્યક્તિને માહિતી મળી શકી નથી. ગુપ્તચર સંસ્થાઓને પણ આ અંગે કોઈ માહિતી ન મળી તે આશ્ચર્યની બાબત છે. શકીલ અંગે ભાળ મેળવવાના પ્રયાસ કોઈ સંસ્થા દ્વારા કરવામાં ન આવ્યા તે પણ ચિંતાજનક બાબત છે. વિશ્વસનીય સુત્રોએ કહ્યું છે કે શકીલ ૪૩ દિવસ બાદ મંગળવારના દિવસે પાકિસ્તાનના બંદર શહેર કરાચી પરત આવી ગયો છે. આ સુત્રએ કહ્યુ છે કે આ ૪૩ દિવસના ગાળા દરમિયાન તે થોડાક સમય માટે ઓસ્ટ્રેલિયામાં અને બાકીના સમયમાં અમેરિકામાં રહ્યો હતો. તે પોતાની પુત્રી અને તેના પરિવારની સાથે થોડોક સમય ગાળીને હવે પરત ફર્યો છે. શકીલની પુત્રી જોયા પ્રોફેશનથી તબીબ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમા તેના એક તબીબની સાથે પાકિસ્તાનમાં લગ્ન થયા હતા. શકીલના જમાઈ મૂળરીતે ભારતીય છે પરંતુ તે અમેરિકામાં પ્રેકટીસ કરે છે. શકીલ આ જ કારણસર અમેરિકા ગયો હતો. પરંતુ અમેરિકામાં એફબીઆઈ જેવી એજન્સી હોવા છતાં પણ ઈન્ટરપોલ તેને શોધી શકી નથી જે ખુબ આશ્ચર્યની વાત છે.

**નરેન્દ્ર મોદી સરકારની મહત્વકાંક્ષી યોજના**

## વર્ષ ૨૦૨૦ સુધી ૩૦ કરોડ લોકોને સ્કીલ ટ્રેનિંગ અપાશે

નવી દિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી ચુકી છે. મોદી સરકાર હવે રોજગારી વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈ રહી છે. જેના ભાગરૂપે સ્કીલ ડેવલપમેન્ટ પર વધારે ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર વર્ષ ૨૦૨૦ સુધી ૩૦ કરોડ ભારતીય લોકોને સ્કીલ ટ્રેનિંગ આપવા માટે કટિબદ્ધ છે. આનો મતલબ એ થયો કે દરેક ચાર ભારતીય પૈકી એકને સ્કીલ ટ્રેનિંગ આપવામાં આવનાર છે.તમામને નોકરી મળે તે માટે ખાસ આયોજન કરવામાંઆવ્યુંછે. નોકરીની ખાતરી કરવા માટે ૨૦૨૦ સુધી ૩૦ કરોડ ભારતીય લોકોને સ્કીલ ટ્રેનિંગ આપવામાં આવનાર છે. સ્કીલ ડેવલપમેન્ટ અને શ્રમ પ્રધાનો સાથેની બેઠકમાં આ મુદ્દે હાલમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં એવી કબુલાત પણ કરવામાં આવી હતી કે ટાર્ગેટને હાંસલ કરવાની બાબત ખુબ જ પડકારરૂપ છે. આ પડકારને હાંસલ કરવાની બાબત સરળ રહેશે. નહી. હાલમાં સરકાર પાસે રહેલા સંશાધનોનો ઉપયોગ કરીને સ્કીલ ટ્રેનિંગ આપવાની વાત ચાલી રહી છે. આશરે ૩૦ કરોડ લોકોને ટ્રેનિંગ આપવામાં આવનાર છે. ૩૦ કરોડ લોકોને ટ્રેનિંગ આપવા પાછળ હેતુ અંગે પુછવામાં આવતા સરકારે કહ્યું હતું કે નવી નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ પોલીસીના ભાગરૂપે આ ટ્રેનિંગ આપશે. સરકારને અંદાજ છે કે ટ્રેનિંગ કામગીરી પર ખર્ચનો આંકડો ચાર લાખ કરોડનો રહે તેવો સંકેત છે. ખર્ચને ઘટાડી દેવા હાલમાં રહેલા સંશધનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર છે. મોદી સરકાર સત્તામાં એક વર્ષ પૂર્ણ કર્યા બાદ સ્કીલ ટ્રેનિંગ પર ખાસ ધ્યાન આપવા ઈચ્છુક છે.

## ઈ-કોમર્સ કંપનીઓમાં નોકરીનો વરસાદ થશે

નવી દિલ્હી,તા. ૨૮

ઈ-કોમર્સ કંપનીઓની બોલબાલા દિનપ્રતિદિન વધી રહી છે. તેમના માર્કેટ કદમાં અનેક ગણો વધારો થયા બાદ તેમના કારોબારને વધારે ફેલાવી દેવા અને અસરકારક બનાવી દેવા આગામી દિવસોમાં ઈ-કોમર્સ કંપનીઓમાં નોકરીનો વરસાદ થનાર છે. ઈ-કોમર્સ કંપનીઓ એક કરોડની ૫૦૦ નોકરી આપનાર છે. કુશળ લોકોને તક મળે તેવી શક્યતા છે. ઈ-કોમર્સને લઈને હવે લોકો વધારે આકર્ષિત થઈ રહ્યા છે. જેથી તેમની સેવાને વધારે સરળ બનાવવાની તૈયારી ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા કરવામાં આવી ચુકી છે. દેશમાં હવે ઈ-કોમર્સ કંપનીઓ પણ અનેક થઈ ગઈ છે. જેથી તેમની વચ્ચે પણ જોરદાર સ્પર્ધા લોકોને આકર્ષિત કરવા માટે ચાલી રહી છે. આરજીએફ એગ્ઝિક્યુટિવ સર્ચ, લોન્ગહાઉસ કન્સલ્ટિંગ અને એબીસી સહિતની સર્ચ કંપનીઓ દ્વારા આ અંદાજ મુકવામાં આવ્યો છે. કુલ પાંચ સર્ચ કંપનીઓ દ્વારા તારણ આપવામાં આવ્યા છે કે ઈ-કોમર્સ કંપનીઓ ઝડપથી ભરતીની દિશામાં આગળ વધી શકે છે. ફલીપકાર્ટ, એમેઝોન, સ્નેપડીલ, ઓલા, ઉબર, ક્વિકર, કોમનપ્લોર યેપમી, ઓએલએક્સ, જંગલી, ફેશનએન્ડયુ , હંગામા, બુકમાયશો જેવી ઈ-કોમર્સ કંપનીઓ આ વર્ષમાં એક કરોડથી વધારે પગાર સાથે ૫૦૦ નોકરીની ઓફર કરી શકે છે. જેમાં ફલીપકાર્ટ, એમેઝોન અને સ્નેપડીલ જેવી કંપનીઓ સૌથી વધારે નોકરી આપનાર છે. છેલ્લા છ મહિનામાં એબીસીએ ઈ-કોમર્સ કંપનીઓ માટે ૧૦૦તી વદારે સિનિયર લેવલ સર્ચ કરવામાં આવ્યા છે.હવે ઈ-કોમર્સ મારફતે લોકો ખરીદીમાં વધારે રસ લઈ રહ્યા છે. જેથી લોકોને વધારે સુવિધા આપવા માટે તૈયાર છે. નવી હિલચાલથી કુશળ લોકો ભારે સંતુષ્ટ છે.

## ગુર્જર આંદોલનને લઈને હાઈકોર્ટ લાલઘૂમ

જયપુર,તા. ૨૮

ગુર્જર આંદોલનના કારણે સામાન્ય લોકોને પડી રહેલી પરેશાનીને ધ્યાનમાં લઈને રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકાર ઉપર તીવ્ર દબાણ વધારી દીધા બાદ કેન્દ્ર સરકારે પણ આજે વસુંધરા રાજે સરકારની મદદ કરવા માટે વધારાના દળો મોકલ્યા છે. કેન્દ્ર સરકારે ૪૫૦૦ સુરક્ષા જવાનો મોકલ્યા છે. ગુર્જર આંદોલનને હાથ ધરવા માટે રાજ્ય સરકારની મદદ કરવામાં આવશે. અગાઉ આજે રાજસ્થાન હાઈકોર્ટે ચીફ સેક્રેટરી અને ડીજીપીની જોરદાર ઝાટકણી કાઢી હતી. એક પણ ગુર્જર આંદોલનકારીની ધરપકડ ન કરવા બદલ બંનેની સામે લાલઆંખ કરવામાં આવી હતી. લોકોને ગુર્જર આંદોલનના કારણે જે તકલીફ પડી રહી છે તેની રાજસ્થાન હાઈકોર્ટે જોરદાર નોંધ લીધી હતી. આંદોલનના કારણે રેલવે અને વાહનવ્યવહારને જે રીતે માઠી અસર થઈ છે તેની પણ નોંધ લીધી છે. તમામ માર્ગો અને રેલવે નાકાબંધીને તરત દૂર કરવા માટે અધિકારીઓને આદેશ કર્યો છે. આવતીકાલ સુધી એફિડેવિટ દાખલ કરવા ચીફ સેક્રેટરી અને ડીજીપીને હાઈકોર્ટે આદેશ કર્યો છે. સાથે સાથે એવી સ્પષ્ટતા પણ કરી છે કે, આંદોલનકારીઓ સામે નોંધવામાં આવેલી એફઆઈઆર હેઠળ કોઈ પગલા કેમ લેવામાં આવ્યા નથી તે અંગે પણ ખુલાસો કરવા કહ્યું છે. આંદોલનકારીઓને હવે રેલવે ટ્રેક અને માર્ગો ઉપરથી ઝડપથી દૂર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ચીફ સેક્રેટરી ઓફિસર સામે પગલા ન લેવા બદલ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. દરમિયાન ગુર્જર આંદોલન આજે પણ યથાવતરીતે જારી રહ્યું હતું જેના પરિણામ સ્વરુપે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બની ગયુંછે. દરમિયાન ભરતપુરમાં દિલ્હી-મુંબઈ ટ્રેક અને આગરા-જયપુર નેશનલ હાઈવે તથા સવાઈમાધોપુરમાં રાજ્ય હાઈવે ઉપર આજે સાતમાં દિવસે પણ આંદોલનકારીઓએ જામ સર્જ્યો હતો. રેલવેને આંદોલનના લીધે જંગી નુકસાન થયું છે. ૩૨૬ મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોને ડાયવર્ઝન કરવામાંઆવી છે. ૨૧મી મે બાદથી આઈઆરસીટીસી વેબસાઈટ ઉપર ૧.૯ લાખ ટિકિટ રદ કરાઈ છે. રાજસ્થાનમાં ગુર્જર સમુદાય દ્વારા શરૂ કરવામાં આવેલુ આંદોલન આજે આઠમાં દિવસે જારી રહ્યુંહતુ. જેથી જનજીવન પર હવે માઠી અસર થઈ રહી છે. ઓબીસી કેટેગરી હેટળ સરકારી નોકરીમાં પાંચ ટકા અનામતની માંગણીને લઈને ગુર્જર સમુદાયના લોકો આંદોલન કરી રહ્યા છે. આંદોલન હજુ ખેંચાય તેવી શક્યતા છે. કારણ કે બન્ને પક્ષો પોત પોતાના વલણ પર મક્કમ છે. દરમિયાન દૌસા જિલ્લામાં આંદોલનને આજે ફટકો પડ્યો છે. કારણ કે સ્થાનિક લોકોએ આંદોલનાકારીઓને પડકાર ફેંકીને નેશનલ હાઈવે-૧૧ને ક્લિયર કરાવવા માટે પોલીસની મદદ માંગી છે. ગુર્જર નેતાઓ મક્કમ બનેલા છે. રાજસ્થાનમાં ગુર્જર આંદોલન આજે આઠમાં દિવસે જારી રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે ઘણી બધી ટ્રેનો રદ કરવામાં આવી છે. ઘણી ડાઈવર્ટ કરવામાં આવી છે. ઘણા બધા હાઈવેને બંધ રાખવાની ફરજ પડી છે. દોસામાં આગરા-જયપુર હાઈવે ઉપર પણ હાલત કફોડી બનેલી છે. સામાન્ય લોકોને આંદોલનના કારણે ભારે મુશ્કેલી નડી રહી છે. નેશનલ હાઈવેની સાથે ભરતપુરમાં દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેકને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



## અચ્છે દિન : પ્રિમિયમ ટ્રેનોના ભાડાની સિસ્ટમ હવે બદલાશે

નવી દિલ્હી,તા. ૨૮

ભારતીય રેલવેએ હવે પ્રિમિયમ ટ્રેનોના ભાડા પર અંકુશ મુકી યાત્રીઓને રાહત આપવાની તૈયારી શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે હવે પ્રિમિયમ ટ્રેનોના ભાડામાં આડેધડ વધારો કરી શકાશે નહી. એટલુ જ નહી બલ્કે પ્રિમિયમ ટ્રેનોની ટિકિટ માત્ર ઓનલાઈન જ નહી બલ્કે રેલવેના કાઉન્ટર પર પણ મળી શકશે. આ ઉપરાંત એવી પણ તૈયારી કરવામાં આવી રહી છે કે પ્રિમિયમ ટ્રેનોમાં ટિકિટના બુકિંગ દસ દિવસના બદલે એક મહિના પહેલા બુક થઈ શકશે. એ બાબત પર પણ વિચારણા ચાલી રહી છે કે પ્રિમિયમ ટ્રેના ટિકિટ રદ કરવાની સ્થિતીમાં પેસેન્જરને કેટલીક રકમ પણ પરત કરવામાં આવે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નવી ભાડા સિસ્ટમ હેઠળ પ્રિમિયમ ટ્રેનોને આ વર્ષે જુલાઈથી શરૂ કરવામાંઆવનાર છે. ઈન્ડિયન રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે પ્રિમિયમ ટ્રેનોના ભાડા સિસ્ટમના સંપૂર્ણ મોડલને જ બદલી દેવામાં આવનાર છે. આના હેઠળ હવે માંગ વધી જવાની સ્થિતીમાં યાત્રી ભાડા વધારી દેવામાં આવશે નહી. આના માટે સ્લેબ સિસ્ટમ તૈયાર કરવામાં આવનાર છે. નવી વ્યવસ્થા હેઠળ ટ્રેનના કેટલાક ક્લાસની નિર્ધારિત સીટ બુક કરવામાં આવ્યા બાદ જ તે ક્લાસના ભાડામાં એક નક્કી રકમનો વધારો કરવામાં આવનાર છે. આ રીતે ભાડા વધારી દેવા માટે સ્લેબ રહેશે. આ રીતે દરેક સ્લેબ બાદ ભાડામાં કેટલાક ટકાનો વધારો કરવામાં આવનાર છે. આવી જ રીતે પ્રિમિયમ ટ્રેનના બેઝ ભાડામાં કોઈ વધારો અથવા તો ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. અત્રે નોંધનીય છે કે યુપીએના ગાળા દરમિયાન જ્યારે પ્રિમિયમ ટ્રેનો શરૂ કરવામાં આવી હતી ત્યારે તેમાં વિમાનની જેમ ડાયનેમિક ભાડા સિસ્ટમની શરૂઆત કરવામાંઆવી હતી. એક સાથે દસથી ૨૦ ટિકિટ બુક થવાની સ્થિતીમાં ટ્રેનના ભાડામાં વધારો થઈ જતો હતો.

## મેગી નુડલ્સ પર ભારતમાં પ્રતિબંધ મુકાય તેવી વકી


નવીદિલ્હી, તા. ૨૮

તમામ મેગી શોખીનો માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે, એવા સમાચાર મળી રહ્યા છે કે, નેશલે મેગી ઉપર દેશભરમાં પ્રતિબંધ મુકવામાં આવનાર છે. મેગીમાં નુકસાનકારક કેમિકલ્સ મળી આવ્યા હોવાનું જાણવા મળી રહ્યુંછે. ફુડ સેફ્ટિંગ એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશમાં મેગીના સેમ્પલોમાં ચકાસણીનો આદેશ કરી દીધો છે. સ્ટેટ ફુડ ડિપાર્ટમેન્ટ દ્વારા નુડલ્સમાં નુકસાનકારક કેમિકલ્સનો જથ્થો અથવા તો તેની ઉપસ્થિતિ હોવાના અહેવાલ આપ્યા બાદ હવે એફએસએસએઆઈ દ્વારા તપાસનો આદેશ કરી દેવામાં આવ્યો છે. ચકાસણીને લઈને ચાહકોમાં પણ ચિંતાનું મોજુ છે. ટુ મિનિટ્સ મેગી નુડલ્સ વિવાદના ઘેરામાં છે. કારણ કે, ઉત્તરપ્રદેશના જુદા જુદા ભાગોમાં એકત્રિત કરવામાં આવેલા સેમ્પલમાં લેબ તપાસ બાદ જાણવા મળ્યું છે કે તેમાં મોનોસોડિયમ ગ્લુટામેટનો જથ્થો રહેલો છે. આઘાતજનક બાબત એ છે કે, મેગીમાં ૧૭ પાર્ટ પ્રતિમિલિયન લીડનો જથ્થો છે જ્યારે પરવાનગીની મર્યાદા ૦.૦૧ છે. આવી જ રીતે મોનોપોલિયન ગ્લુટામેટનું પ્રમાણ પણ ખતરનાક માર્ક કરતા વધારે છે. કંપનીઓ મેગીમાં લીડના પ્રમાણ અંગે ખુલાસો કર્યો છે અને આનું પ્રમાણ નહીંવત છે અને પ્રમાણ એક ટકાથી પણ ઓછું છે.

## માંસ પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ મુકવા અમિત શાહનો ઈન્કાર

પણજી, તા. ૨૮

ભાજપ પ્રમુખ અમિત શાહે આજે જણાવ્યું હતું કે, માંસ ઉપર દેશવ્યાપી પ્રતિબંધ લાદવામાં આવશે નહીં. તેમણે કહ્યું હતું કે, લોકોની ભાવનાઓને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવાનું કામ રાજ્યોનું છે. અમિત શાહે આ મુદ્દો ઉઠાવીને એક નવી ચર્ચા જગાવી દીધી છે. અમિત શાહે કહ્યું હતું કે, જ્યાં પણ ભાજપની સરકાર છે. અમે માંસ ઉપર પ્રતિબંધ મુકતા પહેલા લોકોની ભાવનાઓને ધ્યાનમાં લઈશું. અમે એમ કહી રહ્યા નથી કે, અમે દેશભરમાં માંસ ઉપર પ્રતિબંધ મુકવા જઈ રહ્યા છીએ. મહારાષ્ટ્ર અને હરિયાણામાં ભાજપની સરકાર પહેલાથી જ માંસ ઉપર પ્રતિબંધ મુકી ચુકી છે. જો કે, શાહે સ્પષ્ટતા કરી હતી કે, જ્યાં જેની સત્તાઓ છે તે રાજ્યોમાં માંસ ઉપર પ્રતિબંધ મુકવા પાર્ટી ફરજ પાડશે નહીં. આ બાબત સંબંધિત રાજ્ય સરકારો ઉપર છોડી દેવામાં આવશે. લોકોની ભાવનાઓને ધ્યાનમાં લઈને યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ગોવામાં ગૌમાંસ ઉપર પ્રતિબંધને લંબાવવાના મામલે એક પ્રશ્નના જવાબમાં શાહે કહ્યું હતું કે, ગોવા સરકાર લોકો સાથે આ મુદ્દે ચર્ચા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેશે. બીજી બાજુ કેન્દ્રીય પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીના એવા સૂચનને પણ વધારે મહત્વ આપવાનો અમિત શાહે ઈન્કાર કર્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે, જે લોકો માંસ ખાવા ઈચ્છુક છે તે લોકો પાકિસ્તાન જઈ શકે છે. અમિત શાહે કહ્યું હતું કે, આ અંગત મુદ્દો છે. અંગત મુદ્દા ઉપર તેઓ કોઈ ટિપ્પણી કરવા ઈચ્છુક નથી. શાહે આ મુદ્દે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, પક્ષ પ્રમુખ તરીકે કોઈ અંગત ટિપ્પણી કરવા તેઓ ઈચ્છુક નથી. આજની અમિત શાહની ટિપ્પણીને રાજકીય વર્તુળોમાં જુદી જુદી રીતે ગણવામાં આવે છે. માંસને લઈને હાલમાં જોરદાર વિવાદ છેડાયેલો છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરણ રિજજુ પણ માંસના મુદ્દા ઉપર નિવેદનને લઈને વિવાદના ઘેરામાં આવી ચુક્યા છે. અમિત શાહે સ્પષ્ટતા કરી છે કે, તેમની પાર્ટી જે રાજ્યમાં સરકારમાં છે તે રાજ્યમાં માંસ ઉપર પ્રતિબંધ મુકવા દબાણ લાવશે નહીં.




## જમીન બિલ : ખેડૂત પ્રતિનિધિઓ સાથે અરૂણ જેટલીની લાંબી ચર્ચા

**૩૦થી પણ વધુ ખેડૂત સંગઠનના પ્રતિનિધિઓ સાથે લાંબી વાતચીત : ખેડૂતોના હિતોની ક્યારે અવગણના કરાશે નહીં : જેટલી**

નવીદિલ્હી, તા.૨૮

જમીન બિલનો લઈનો જોરદાર વિરોધનો સામનો કરી રહેલી સરકારે હવે જુદા જુદા વિષયો ઉપર ખેડૂતોની ગેરસમજને દૂર કરવાની કવાયત શરૂ કરી દીધી છે જેના ભાગરુપે જુદા જુદા રાજ્યોના ખેડૂત પ્રતિનિધિઓ સાથે મોદી સરકારે આજે વાતચીત કરી હતી. મોદી સરકાર તરફથી નાણામંત્રી અને માહિતી તથા પ્રસારણનું ખાતુ ધરાવનાર અરુણ જેટલીએ વાતચીત કરી હતી. એક કલાકથી પણ વધુ સમય સુધી આ વાતચીત ચાલી હતી જેમાં ખેડૂત સમુદાય તરફથી જુદી જુદી રજૂઆતો કરવામાં આવી હતી. જમીન બિલમાં સર્વસંમતિ જોગવાઈ પરત લાવવા સહિતની માંગણીઓ તરફ ધ્યાન અપાયું હતું. જેટલીએ તમામ ખેડૂત પ્રતિનિધિઓને ખાતરી આપી હતી કે, સરકાર તમામ સૂચનો તરફ ધ્યાન આપ્યા બાદ અને ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં લીધા બાદ આગળ વધશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોના હિતોની કોઈ અવગણના કરવામાં આવશે નહીં. બેઠક બાદ ભાજપ કિસાન મોરચાના પૂર્વ નેતા અને ડીડી કિસાન ચેનલના સલાહકાર નરેશ શીરોહીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આશરે ૩૦



સંસ્થાઓના ખેડૂત પ્રતિનિધિઓએ આજની બેઠકમાં જમીન બિલના સંદર્ભમાં તેમના અભિપ્રાય આપ્યા હતા.

તેમણે એમ પણ કહ્યું હતુ કે, પ્રધાને પાંચથી છ લોકોની એક સમિતિની રચના કરી છે જે જમીન બિલ અંગે ખેડૂતોના સૂચનોની નોંધ લેશે અને હવે યોજાનાર વાતચીત દરમિયાન તેમની સમક્ષ આ વાતચીત રજૂ કરાશે. શીરોહી તેના કો-ઓર્ડિનર તરીકે રહેશે. આ પ્રકારની વધુ મિટિંગો યોજાશે. જેટલીએ કહ્યું હતું કે, જમીન બિલ અંગે નિર્ણય લેતા પહેલા કોઈ વિવાદ રાખવામાં આવશે નહીં. સરકારનો ઈરાદો બિલકુલ સ્પષ્ટ છે. ખેડૂતો સાથે તેમની સરકાર રહેલી છે. સરકાર ઈચ્છે છે કે, ખેડૂતોને રોજગારી મળવી જોઈએ. ખેડૂતોની ઈચ્છા મુજબ ધ્યાનમાં તમામ બાબત લેવામાં આવશે. જેટલી સમક્ષ જુદી જુદી ખેડૂત સંસ્થાઓ તરફથી રજૂઆતો કરાઈ હતી. ભારતીય કિસાન યુનિયને નવા જમીન બિલને મઝાક તરીકે ગણાવીને કહ્યું હતું કે, ખેડૂતોના વિરુદ્ધમાં આ બિલ રહેલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે કહ્યું હતું કે, ખેડૂત, ગરીબ, ગામ, દેશના હિતમાં જમીન બિલને સુધારા કરવામાં આવ્યા છે.મોદીએ ગઈકાલે જ કહ્યું હતું કે, ગાંવ, ગરીબ, કિસાનની બાબતોને ધ્યાનમાં લેવાઈ છે. જેટલીએ આ દિશામાં આગળ વધીને જમીન બિલની જોગવાઈ મામલે ખેડૂતો સાથે વાત કરી હતી અને તેમની ગેરસમજ દૂર કરવાના પ્રયાસ કર્યા હતા.

## જીતનરામ માંઝીની મોદી સાથે ચર્ચા : ગઠબંધન અંગે અટકળો

નવીદિલ્હી,તા. ૨૮

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી જેથી એવી અટકળોનો વેગ મળ્યો છે કે, આગામી વિધાનસભાની ચૂંટણીમાં જીતનરામ માંઝી ભાજપની સાથે મળીને ચૂંટણી લડી શકે છે. દરમિયાન મહાદલિત નેતાએ આ સંદર્ભમાં કોઈપણ ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો છે. ભાજપ સાથે ચૂંટણી પહેલા કોઈ જોડાણ કરવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જીતનરામ માંઝીએ કહ્યું હતું કે, ચૂંટણી બાદ તેઓ જોડાણના સંદર્ભમાં વાત કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નીતિશકુમારને પછડાટ આપવાની નીતિ ઘડવામાં આવી રહી છે. જેડીયુ અને મુખ્યમંત્રીના હોદ્દા પરથી હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ જીતનરામ માંઝીએ તેમની પોતાની પાર્ટી હિન્દુસ્તાની અવામ મોરચાની રચના કરી હતી. મહાગઠબંધનમાં સામેલ થવા તેમને આરજેડીના નેતા લાલૂ પ્રસાદ યાદવ તરફથી આપવામાં આવેલા આમંત્રણ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, લાલૂ અને કુમાર વચ્ચે જોડાણ કામ કરશે નહીં. કારણ કે આરજેડીના મતદારો ક્યારે પણ નીતિશ કુમારને ટેકો આપશે નહીં. જ્યારે જેડીયુના નેતા ખુબ ઓછું મતદાર નેટવર્ક ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભાજપ સામે મહાગઠબંધન સફળ રહેશે નહીં. તેમણે કહ્યું હતું કે, નીતિશકુમારને સામેલ નહીં કરનાર કોઈપણ ગઠબંધનની સાથે તેઓ જઈ શકે છે. જીતન રામે એમ પણ કહ્યું હતું કે, તેઓ બિહારમાં ખેડૂતોની દુર્દશના મુદ્દે મોદીને મળવા માટે આવ્યા હતા. સાથે સાથે ડાંગરની પ્રાપ્તિમાં કથિત ગેરરીતિના સંદર્ભમાં સીબીઆઈ તપાસની માંગ પણ તેઓ કરી રહ્યા છે. માંઝીને ભાજપ ગઠબંધનમાં સામેલ કરવાની હિલચાલ ચાલી રહી છે. ઘણા લોકો એમ પણ માને છે કે, જ્યારે તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે કેટલીક લોકપ્રિય નીતિઓના કારણે લોકોમાં તેમની લોકપ્રિયતા વધી છે. લાલૂએ હાલમાં જ કહ્યું હતું કે, ભાજપની સામે મહાગઠબંધનમાં માંઝીને પણ સામેલ કરવામાં આવે પરંતુ નીતિશકુમારે આની સામે વાંધો ઉઠાવ્યો હતો.

